# સાબરકાંઠામાં ફરી પાછા વાદળો છવાયા : ખેડૂતોની ચિંતા વધી

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૯ ખેડૂતો માટે આફતરૂપ બની રહ્યું છે. ત્યારે છાશવારે વાતાવરણમાં આવતા પલ્ટાને લીધે સૌથી વધુ ખેડૂતોને સહન કરવુ પડી રહ્યું છે. તેમાંય વળી પાછોતરા વરસાદને કારણે ખેડૂતોની હાલત એટલી કફોડી બની ગઈ છે કે તેની અસરો નવેમ્બર મહીનાના ઉત્તરાર્ધમાં પણ વર્તાઈ રહી છે. છાશવારે વાતાવરણમાં આવતા પલ્ટાથી ખેડૂતોને શિયાળુ પાકનું વાવેતર કરવાની સુઝ પડતી નથી. દરમ્યાન શનિવારે પરી પાછો વાતાવરણમાં પલ્ટો આવતા આકાશ વાદળોથી ગોરંભાઈ જતા ખેડૂત આલમ ફરીથી ચિંતામાં પડી ગયો છે.

સાબરકાંઠા જિલ્લામાં દિવાળી પછી ઋતુચક્રમાં આવેલ ફેરફારને કારણે મોટાભાગના દિવસો વાતાવરણના આવેલા પલ્ટાને લીધે એક પણ દિવસ ચોખ્ખો ગયો નથી. દરમ્યાન છેલ્લા કેટલાક દિવસોથી દિવસે ગરમી અને રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે ત્યારે ફરી પાછુ વાદળોની આફત આવી છે. શનિવારે સવારથી જ જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ રહેવાને લીધે આખો દિવસ ધુંધળો રહ્યો છે. આવા વાતાવરણને લઈને હજુ તો પ્રાંતિજ અને હિંમતનગર તાલુકામાં ખેડૂતો ડાંગરની કામગીરીમાંથી પરવાર્યા નથી. તો બીજી તરફ ઘઉંના વાવેતરની સીઝન શરૂ થઈ ગઈ છે.

તો બીજી તરફ બે ઋતુ અને વાતાવરણમાં સતત આવી રહેલા ફેરફારને કારણે અને વાદળછાયુ આકાશ રહેવાના કારણે જિલ્લામાં અંદાજે ૪૦૦૦ હેક્ટરથી વધુ જમીનમાં વાવેતર કરાયેલ દિવેલાના પાકમાં ઈયળોનો ઉપદ્રવ થવાને કારણે દિવેલાના છોડ લાકડા બળી ગયા છે. જોકે ખેડૂતોને આશા છે કે દવાનો છંટકાવ કર્યા બાદ નવી ફુટ થશે. વાદળછાયા વાતાવરણને લઈને અત્યારે જિલ્લામાં અંદાજે ૬૯૦૦ હેક્ટરથી વધુ જમીનમાં વાવેતર કરાયેલ ઘઉંના પાક પર જોખમ તોળાઈ રહ્યું છે. તે પાછળનું કારણ એ છે કે જો અત્યારે માવઠુ થાય તો તેના લીધે ઘઉંના પાકમાં ચીલ સહીત અન્ય નિંદામણનો ઉપદ્રવ થવાને કારણે તેની અસરો ઉત્પાદન પર થાય તેવી શક્યતા છે.

અત્યારે પ્રાંતિજ અને હિંમતનગર તાલુકામાં કેટલેક ઠેકાણે ખેડૂતોનું ડાંગરનું કામ પુરૂ થયુ નથી. તો બીજી તરફ લાંબેગાળે પાકતો ગવાર તૈયાર હોવા છતાં ખેતમજુરોની અછતને લઈને ખેડૂતો ચિંતાતુર બની ગયા છે. જિલ્લામાં અંદાજે ૩ હજાર હેક્ટરથી વધુ જમીનમાં ગવાર પાકીને તૈયાર થઈ ગયો છે. પરંતુ તેની કાપણી અને લણણી ન થાય ત્યાં સુધી ખેડૂતોને ગડમથલમાં રહેવુ પડશે. અને જો જરૂર જણાશે તો તેવા ખેડૂતોને ઘઉંના બદલે બાજરી કે મગફળીનુ વાવેતર કરવાની નોબત આવે તેમ છે. એક અંદાજ મુજબ સાબરકાંઠા જિલ્લામાં શિયાળુ સીઝનનું વાવેતર દિવાળી પછી શરૂ થયું હોવાનો કારણે લગભગ જાન્યુઆરીની ઉત્તરાયણ સુધી ખેડૂતો વહેલા પાકતા ઘઉંનું વાવેતર કરવાનુ વિચારી રહ્યા છે.



## સત્તા માટે રાજકારણમાં જંગ નહીં, પરંતુ કપિરાજમાં પણ આજ વસ્તુ જોવા મળી

આજકાલ સત્તા માટે અત્ર તત્ર સર્વત્ર જંગ જોવા મળી રહ્યો છે, ત્યારે બે કપિરાજના જંગનો વીડિયો સામે આવ્યો છે. અરવલ્લી જિલ્લાના મોડાસામાં સત્તા માટે બે કપિરાજની લડાઈનો વીડિયો સામે આવ્યો છે. જેમાં જોઈ શકાય છે કે રસ્તાની બરોબર વચ્ચે બે કપિરાજ ખરાખરીના જંગ માટે તૈયાર છે. જેને આસપાસના લોકો પણ જોઈ રહ્યા હતા. જે જગ્યાએ જંગ હતો તેની બરોબર સામે પોલિસ ચોકી પણ હતી. પણ પોલિસ આમાં કશુ કરી શકે એમ નહોતી. વાહનચાલકો પણ કપિરાજની નજીકથી નીકળી કપિરાજના જંગને નિહળી રવાના થયા હતા. પણ થોડીવારમાં એક બાજુથી બીજી બાજુ દોડીને બન્ને વચ્ચે ખરાખરીનો જંગ જામ્યો હતો. જોકે સત્તા કઈ હતી અને કોને મળી તે યક્ષ પ્રશ્ન બન્યો હતો. જોકે થોડીક ક્ષણો માટે આ જંગ લોકો માટે મનોરંજન સાબિત થયો હતો.

# બીએસસીની પરીક્ષામાં ભાજપનો સહપ્રભારી કોપી કેસમાં પકડાયો

### હિંમતનગરની સાયન્સ કોલેજમાં સેમ-૬ની પરીક્ષા ચાલે છે : યુનિ. અને સ્થાનિક સ્કોર્ડે ચાર કોપીકેસ નોંધ્યા

હિંમતનગર, તા. ૨૩

ઉત્તર ગુજરાત યુનિ. દ્વારા અત્યારે તેની સંલગ્ન કોલેજોમાં વિવિધ પ્રવાહની અલગ-અલગ સેમની પરીક્ષાઓ લેવાઈ રહી છે. ત્યારે શુક્રવારે હિંમતનગરની સાયન્સ કોલેજમાં સે.-૬ની એટીકેટીની પરીક્ષા આપી રહેલ સાબરકાંઠા પાસના પૂર્વ કન્વીનર અને હાલ યુવા ભાજપના ગાંધીનગરના સહપ્રભારીની જવાબદારી વહન કરી રહેલા એક વિદ્યાર્થી અને રાજકીય પદાધિકારીને કોપીકેસમાં ઝડપી લીધા હતા.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરની સાયન્સ કોલેજમાં છેલ્લા કેટલાંક દિવસોથી બીએસસીના સેમ-૬ની પરીક્ષા લેવાઈ રહી છે. દરમ્યાન શુક્રવારે બીએસસીના સેમ-૬માં કેમીસ્ટ્રીનું પેપર હતુ. જેમાં આ કેન્દ્ર પરથી અંદાજે ૬ થી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા હતા. જોકે પરીક્ષામાં કોઈ પરીક્ષાર્થી કોપી ન કરે તેની તકેદારી રાખવા માટે ઉત્તર ગુજરાત યુનિ.એ સ્કોર્ડના સભ્ય તરીકેની જવાબદારી પ્રોફેસર બાબુભાઈ પટેલને આપી હતી.

દરમ્યાન શુક્રવારે લેવાયેલી એટીકેટીની પરીક્ષાના કેમીસ્ટ્રીના પેપરમાં સુપરવાઈઝર તરીકે પ્રો. એન.એમ. પરમાર મુકાયા હતા. આ પેપરનો સમય બપોરે ૧૧.૩૦ થી ૨ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો હતો. જ્યાં ૭ પરીક્ષાર્થીઓ પેપર લખી રહ્યા હતા. દરમ્યાન સુપરવાઈઝરને પરીક્ષા આપી રહેલ સાબરકાંઠા પાસના પૂર્વ કન્વીનર અને હાલ યુવા ભાજપ પાંખના ગાંધીનગર વિભાગના પ્રભારી એવા રવિ પટેલ પર શક જતા તેમણે રવિ પટેલ પાસે આવી ખિસ્સા તપાસ્યા હતા. જ્યાં રવિ પટેલના ખિસ્સામાંથી કાપલી મળી આવી હતી. જેને લઈને સુપરવાઈઝર વિચારમાં પડી ગયા હતા. ત્યારબાદ તેમણે તરત જ કોલેજના સત્તાવાળાઓ અને યુનિ.ના સ્કોર્ડના સભ્ય પ્રો. બી.એમ. પટેલને બોલાવ્યા હતા. જ્યાં તેમણે રવિ પટેલ વિરૂદ્ધ કાર્યવાહી કરીને કોપીકેસ બનાવ્યો હતો.

આ અંગે રવિ પટેલનો સંપર્ક કરતા તેમણે જમાવ્યું હતુ કે મારા ખિસ્સામાંથી ભલે કાપલી નીકળી હોય પરંતુ મે તેમાંથી જોઈને પેપરમાં કઈજ લખ્યુ નથી. તેમ છતાં મને કોઈ ચોક્કસ કારણસર ટાર્ગેટ બનાવવામાં આવ્યો હોવાનો આક્ષેપ કર્યો છે.

# પ્રાંતિજ પોલીસે ભાખરીયા બસસ્ટેન્ડ પાસેથી પાંચ યુવતીઓની અટકાયત કરી

### ૧૦૯ મુજબ પુછપરછ કરી આગળ ની કાર્યવાહી હાથધરી : યુવતીઓ શંકાસ્પદ લાગતા પોલીસે અટકાયત કરી : કોઇ ઓળખ કાર્ડ કે પુરાવા ના મળતા કાર્યવાહી કરી



પ્રાંતિજ તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ પાસેથી પોલીસ પેટ્રોલિંગ દરમ્યાન શંકાસ્પદ લાગતી પાંચ યુવતીઓની પ્રાંતિજ પોલીસે અટકાયત કરી આગળની પુછપરછ હાથ ધરી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના ભાખરીયા બસ સ્ટેન્ડ ખાતે પ્રાંતિજ પોલીસ કોન્સ્ટેબલ માનસિંહ, કિરીટસિંહ, જગદીશભાઈ, રજનીકાન્તસિંહ, અશોકભાઈ પેટ્રોલિંગમાં હતાં તે દરમ્યાન આવતી જતી બસો તથા ઉભા રહેલ વાહનોની આજુબાજુમાં ડોકીયું કરતી શંકાસ્પદ પાંચ યુવતીઓ જણાતા પ્રાંતિજ પોલીસે યુવતીઓની પુછપરછ કરતાં કોઈ સંતોષકારક જવાબ નહી આપી, આમતેમ ગલ્લા તલ્લા કરવા લાગતા તથા તેમની પાસેથી કોઈ ઓળખકાર્ડ નહી મળતા અને કોઈ ગુનો કરવાના ઈરાદે શંકાસ્પદ લાગતા પ્રાંતિજ પોલીસે દ્વારા (૧) મંજુલાબેન કિશનભાઈ તોકારામ બારોટ ઉ.વર્ષ-૨૫ (૨) મનીષાબેન રમેશભાઈ ચમનભાઈ બારોટ ઉ.વર્ષ-૨૧ (૩) મંજુબેન રાજુભાઈ રણછોડલાલ બારોટ (૪) સુનિતાબેન અનુજભાઈ નરેશભાઈ બારોટ ઉ.વર્ષ-૨૫ તમામે તમામ રહે ચારમાળીયા, દુર્ગાનગર, વટવા, અમદાવાદની અટકાયત કરી સીઆરપીસી કલમ ૧૦૯ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથધરી હતી.



## કાંકરેજ તાલુકાના શિહોરી ખાતે શિક્ષકોનો ધરણાં કાર્યક્રમ યોજાયો

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે શિક્ષકોનો ધરણાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ચમનભાઈ વાઘેલા અને મંત્રી પ્રાગજીભાઈ પટેલ સહિત કાંકરેજ તાલુકા શિક્ષણ સંઘ પ્રમુખ જગમાલભાઈ જોષી દ્વારા શિક્ષકો માટેની સમસ્યાઓ વિશે અને પડતર પ્રશ્નો અંગે ધરણાં કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ખુબજ મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સરકાર સામે રજૂઆત કરવા માટે અને આક્ષેપબાજી કરી હતી ત્યારે આશરે ૭૦ થી ૮૦ જેટલાં શિક્ષકોએ કાંકરેજ તાલુકા પંચાયત કચેરીથી રેલી કાઢી મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં કાંકરેજ નાયબ મામલતદાર તરીકે બી.એસ. સોલંકીએ આવેદનપત્ર લઈ સરકાર સુધી પહોંચાડવા ખાત્રી આપી હતી.

# મોઢ પાટીદાર સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાશે

હિંમતનગર, તા. ૨૩

ગુજરાત મોઢ પાટીદાર મસાજ હિંમતનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સમુહ લગ્નોત્સવનું આયોજન કરાયું છે. જેના માટે તાજેતરમાં યોજાયેલી સમાજની એક મીટીંગમાં ચર્ચા વિચારણના અંતે હિંમતનગર તાલુકાના કાંકણઓલ ખાતે આવેલ સમાજવાડીમાં તા. ૯ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ ૩૩મો સમુહ લગ્નોત્સવ યોજાશે. જેમાં ભાગ લેવા માંગતા જ્ઞાતિબંધુઓએ સમાજના કાર્યાલયનો સંપર્ક કરી લગ્નની નોંધણી કરાવવા માટે સમાજના પ્રમુખ હસમુખભાઈ પટેલ તથા સમુહ લગ્ન સમિતિના અધ્યક્ષ નિતીનભાઈ પટેલે એક યાદીમાં જણાવ્યું છે.

## હસનનગરમાંથી ૧૫ હજારનુ બાઈક ચોરાયુ

હિંમતનગરના હસનનગર ખાતેથી બે માસ અગાઉ અજાણ્યો શખ્સ મરકઝ માસ્જીદની સામે રહેતા મોહમદ આરીફ સદીકભાઈ મેમણના રૂ. ૧૫ હજારની કિંમતના બાઈક નં. જીજે-૯-એપી-૮૫૭૧ની અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. બે મહીના સુધી ચોરાયેલા બાઈકની તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા મોહમદ આરીફ મેમણે શખ્સ વિરૂદ્ધ પોલીસ સ્ટેશનમાં વાહન ચોરાયાની ફરીયાદ નોંધાવી હતી.

# પ્રાંતિજ રાવલ સમાજ દ્વારા કેન્ડલ રેલી યોજી ન્યાયની માંગ

### અમિતાબેનના આત્માને શાન્તી મળે અને ન્યાયીક તપાસની માંગ : પ્રાંતિજ ખાતે રહેતા રાવલ સમાજના ભાઇઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

પ્રાંતિજ, તા. ૨૩

મહેસાણા જીલ્લાના વિજાપુર તાલુકાના રણાસણ ગામની પરણિતા ગુમ થયા બાદ કલોલના જાસપુર ગામ પાસે નર્મદા કેનાલમાંથી મૃતદેહ મળી કોઈ ભાળ ના મળતા વિજાપુર ખાતે પોલીસને જાણ કરવામાં આવી હતી. તો અમિતાબેન ગુમ થયાના ત્રીજા દિવસે કલોલના જાસપુર ગામ પાસે આવેલ નર્મદા કેનાલમાંથી લાશ મળી આવી હતી. અમિતાબેનના પતિ શૈલેષભાઈ જયંતિભાઈ રાવલ અને તેમની બન્ને નણંદો ભગવતીબેન, ગીતાબેન ત્રણેય રહે. રણાસણ સામે દુષ્પ્રેરણનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.




આવતા પરણિતાના પિયર પક્ષ દ્વારા દિકરીની હત્યા થઈ હોવાની માંગ સાથે ન્યાયીક તપાસની માંગ કરી છે. તો રાવલ સમાજના ગામે-ગામમાં મૃતક અમિતાબેનના આત્માને શાન્તિ મળે અને હત્યારાઓને કડકમાં કડક સજા થાય જેને લઈને કેન્ડલ માર્ચ રેલી યોજાઈ હતી.

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના આજોલ ગામમાં રહેતા રાવલ સુખદેવભાઈ કચરાભાઈની દિકરી અમિતાબેન શૈલેષભાઈ રાવલ કે જઓ ૧૦ નવેમ્બરના રોજ વિજાપુર મુકામે રહેતા મામાની દિકરીના લગ્નમાં આવ્યાં હતાં અને સાજે તેના પિતા-ભાઈઓને સંગાસંબધીઓને મળીને તેમના ઘરે રણાસણ જવા રવાના થયા હતાં. ત્યાર બાદ ઘરે ના પહોચતા તેમના પતિ દ્વારા અમિતાબેનના ભાઈઓને ફોન આવ્યો હતો કે તમારા બહેન ઘરે પહોચ્યા નથી અને શોધખોળ બાદ પણ લાશની ઓળખ થઈ ન હતી અને ન્યુઝ પેપરમાં અજાણ્યા યુવતીની લાશ મળી આવી હોવાનું તથા તેના પહેરેલા કપડાં કલર સાથે સમાચાર પ્રસારિત થતાં તેના ભાઈઓ સંગાસંબધી તથા પતિ દ્વારા કલોલ પોલીસ સ્ટેશન ખાતે સંપર્ક કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ લાશની ઓળખ થઈ હતી. તો તે સમયે અમિતાબેનના ભાઈઓ દિપકભાઈ તથા જયેશભાઈ દ્વારા તેમની બહેનની હત્યા થઈ હોવાનું પોલીસ સમક્ષ રજુઆતો કરવામાં આવી હતી. પણ જેતે સમયે કલોલ પોલીસ કે વિજાપુર પોલીસ દ્વારા કેસ લેવામાં આવ્યો ન હતો.

ઘટનાના પાંચ દિવસ બાદ આખરે મોડેમોડે વિજાપુર પોલીસ સ્ટેશનમાં મૃતક અમિતાબેનના ભાઈ જયેશભાઈ રાવલની ફરિયાદના આધારે વિજાપુર પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. ત્યારે હાલ તો ત્યારે બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ તથા બ્રહ્મસમાજ દ્વારા ગુનેગાર જે કોઈપણ હોય પણ મૃતક અમિતાબેનને ન્યાય અને શાન્તી મળે તે માટે સમાજના આગેવાનો ગામેગામમા ઠેરઠેર કેન્ડલ માર્ચ રેલી યોજી સરકાર અને પોલીસ તંત્ર સામે નિષ્પક્ષ અને ન્યાયીક રીતે તપાસ કરવા માંગ ઉઠવા પામી છે અને દોષિત ગમે તે હોય તેમણે કડકમાં કડક સજા થાય તેવી ઠેર ઠેર માંગ ઉઠવા પામી છે.

ત્યારે પ્રાંતિજ ખાતે રહેતા રાવલ સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને પ્રાંતિજ તપોધન ફડી ખાતેથી ભાખરીયા બસસ્ટેન્ડ સુધી વિશાળ કેન્ડલ માર્ચ રેલી યોજાઈ હતી અને સરકાર તથા તંત્ર દ્વારા ન્યાયિક તપાસ થાય અને અમિતાબેન સાથે બનેલ ઘટના ફરી સમાજમાં કે અન્ય સમાજમાં પરિવર્તન ના થાય તે માટે કેન્ડલ માર્ચ રેલી યોજાઈ હતી.

# પ્રાંતિજ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ધરણા કાર્યક્રમ યોજાયો

### પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર આપી : શિક્ષકો શૈક્ષણિક કાર્ય બાદ ધરણા પર બેઠા : જુની પેન્શન યોજના શરૂ કરવા તથા વિવિધ માગણીઓને લઇને ધરણા કાર્યક્રમ



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આજે પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર આપી ધરણાં કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ સહિત તાલુકાના શિક્ષકો દ્વારા જુની પેન્શન યોજના શરૂ કરાવવા અને નવી શિક્ષણ નિતિમાં પ્રાથમિક શિક્ષકને સુદ્રઢીકરણ કરવા તથા સી.સી.સી. પાસ કર્યા બાદ મળવા પાત્ર તારીખ ઉ.પ.ધો.નો લાભ આપવો તથા પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણમાં ૪૨૦૦નો ગ્રેડ પે ચાલુ રાખવો તથા છઠ્ઠા પગાર પંચની વિસંગતતાઓ દૂર કરવી અને સાતમું પગાર પંચ દેશમાં સમાન ધોરણે લાગુ કરવુ તથા ફિક્સ પગારની નોકરીઓ નાબુદ કરવી જેવી વિવિધ માગણીઓ સાથે આજે પ્રાંતિજ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પ્રાંતિજ મામલતદાર ભગોરાને તેમણી વિવિધ માગણીઓ સાથે આવેદનપત્ર આપ્યુ હતું અને તાલુકા પંચાયત ખાતે શાળા સમય બાદ ધરણા યોજ્યા હતાં. જેમાં પ્રાંતિજ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિલીપભાઈ પટેલ, મંત્રી કલ્પેશભાઈ પટેલ તથા મંડળના સભ્યો સહિત પ્રાંતિજ સહિત તાલુકામાંથી શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને ધરણા કાર્યક્રમમાં જોડાયા હતાં.

## કાંકરેજ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ભારતીય જનતા પાર્ટીએ સત્તા મેળવી

કાંકરેજ

કાંકરેજ તાલુકા પંચાયત પ્રમુખની ઘણી વખત પછી ભારતીય જનતા પાર્ટીએ સત્તા મેળવવા માટેની તૈયારી કરી હતી તે આજે પૂર્ણ



કરી બતાવી હતી. જોકે રાજકીય ક્ષેત્રે ખુબજ ચર્ચામાં રહેનાર કાંકરેજ તાલુકા પંચાયતના પ્રમુખ સામે બબ્બે વખત અવિશ્વાસની દરખાસ્તો આવી હતી અને પછી ભારતીય જનતા પાર્ટીના ૮ સભ્યોએ કોંગ્રેસના ૧૦ અને ૧ અપક્ષનો સહારો લીધો હતો અને પછી વિધિવત રીતે ૨૧-૮-૨૦૧૯ના રોજ કાંકરેજ મામલતદાર શ્રીમતી એમ.ટી. રાજપૂતની અધ્યક્ષસ્થાને તાલુકા પંચાયત કચેરી ખાતે હોલમાં ચૂંટણી યોજાઈ હતી. ત્યારે કોંગ્રેસના કમલેશ ડાભીને ૧૧ મતો મળ્યા હતા અને ભારતીય જનતા પાર્ટીના તેજાભાઈ દેસાઈને ૧૯ મતો મળતાં મામલતદારે વિજેતા જાહેર કર્યા હતા. એટલે કોંગ્રેસ પાસેથી ભાજપે સત્તા આંચકી લઈ ભાજપનો ભગવો લહેરાવી એક નવો વળાંક લાવી પ્રજાના માટે વિકાસ થાય એવા ઉમદા હેતુ સાથે નવીન પ્રમુખ તેજાભાઈ દેસાઈએ વિકાસના કામો માટે ખાત્રી આપી હતી. ભાજપના કાર્યકરોએ ખુશી વ્યક્ત કરી હતી.

# સાબરકાંઠામાં ડેન્ગ્યુનો રોગચાળો કાબુમાં આવ્યો હોવાનો આરોગ્ય વિભાગનો દાવો

### નવ મહિનામાં જિલ્લામાં ડેન્ગ્યુના ૯૧ કેસ નોંધાયા : ત્રણથી વધુ લોકોના મોત નિપજ્યા : અન્ય જિલ્લાઓની સરખામણીમાં સાબરકાંઠામાં રોગચાળાનો હાઉ ઓછો

હિંમતનગર, તા. ૨૩

દિવાળી પૂર્વે સમગ્ર રાજ્યમાં વરસાદે અલવિદા કર્યા બાદ વાતાવરણમાં ઠંડકનું પ્રમાણ વધી રહ્યું હતું ત્યારે તેના કારણે ખાસ કરીને નાના બાળકો અને અશક્ત લોકોમાં રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોવાથી તેઓ મેલેરીયા, ટાઈફોડ, શરદી, ઉધરસના રોગ બની જાય છે. જો આ રોગની સમયસર સારવાર કરાવવામાં ન આવે તો કેટલાક કિસ્સાઓમાં લોકો ડેન્ગ્યુના રોગમાં સપડાઈ જાય છે અને શરીરમાંના પ્લેટનેટ વધી કે ઘટી જવાને કારણે તે ખુબજ ઘાતક સાબિત થાય છે. દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં તા. ૨૨ નવેમ્બર સુધીમાં અંદાજે ડેન્ગ્યુના ૯૧ કેસ નોંધાયા હોવાનો આરોગ્ય વિભાગે દાવો કર્યો છે.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે થયેલા પાછોતરા વરસાદને લઈને લોકો દિવાળી બાદ ખાસ કરીને ડેન્ગ્યુ અને ટાઈફોડના રોગમાં વધુ સપડાયા હતા. જોકે આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રાજેશ પટેલે દાવો કરતા જણાવ્યું હતું કે ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં ડેન્ગ્યના કેસમાં ઝાઝો વધારો નોંધાયો નથી. તેમના કહેવા મુજબ ગત વર્ષે જિલ્લામાં બધા મળીને લગભગ ૯૬ કેસ આરોગ્ય વિભાગના ચોપડે નોંધાયો હતા, તો તેની સામે ગત જાન્યુઆરી માસથી નવેમ્બરની ૨૨ તારીખ સુધીમાં જિલ્લામાં ડેન્ગ્યુના ૯૧ કેસ નોંધાયા છે. જેથી એવુ કહી શકાય કે સાબરકાંઠા જિલ્લામાં ડેન્ગ્યુનો રોગચાળો કાબુમાં છે. જોકે આ વર્ષે ડેન્ગ્યુના લીધે અંદાજે ત્રણ દર્દીઓના મોત નિપજ્યા છે. પરંતુ જિલ્લાના લોકોની સમયસરની સાવચેતીને લઈને યોગ્ય સમયે સારવાર લઈ લેવામાં આવતી હોવાથી રોગ પર કાબુ મેળવવા માટે આરોગ્ય વિભાગને ખુબજ અનુકુળતા રહે છે.

આરોગ્ય વિભાગની સલાહ મુજબ દરેક પરીવારે હાલના સમયમાં પાણીના સંગ્રહ માટે બનાવાયેલા ટાંકા તથા રોજબરોજ ઉપયોગમાં લેવાતા ચોખ્ખા પાણીનો સંગ્રહ કરવાનો બદલે જરૂર જેટલુ પાણી નળમાંથી કાઢીને વાપરવુ જોઈએ અને પોતાના ઘરમાં દરરોજ સૂર્યપ્રકાશ મળી રહે તેની કાળજી રાખવી હિતાવહ છે. તેમ છતાં જિલ્લા આરોગ્ય વિભાગના કર્મચારીઓ જરૂર પડે ત્યારે અગમચેતીના પગલા લઈને દવાનો છંટકાવ તથા સફાઈ અંગે જાગૃતી લાવવા પ્રયાસ કરી રહ્યા છે.

## ડીસાના એરપોર્ટ માર્ગે વોકિંગ કરવા નીકળેલા વેપારીની બે શખ્સો સોનાની ચેન ચોરી પલાયન

વેપારીએ ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.ડીસાના ભૂમિ સોસાયટીમા રહેતા અને વેપાર કરતા કલ્પેશ દિનેશભાઈ મોદી શુક્રવારે તેમના મિત્ર સાથે સવારે ચાલવા નિકળયા હતા.આ દરમ્યાન એરપોર્ટ માર્ગે પરત ફરી રહયા હતા.આ દરમ્યાન પાછળથી બાઈક પર વે સવારો આવી તેમના ગળામાં પહેરેલ અઢી તોલાનો સોનાનો દોરો તોડી પલાયન થઈ ગયા હતા.જોકે બ્લેક જાકીટ પહેરેલ બાઈક સવાર રૂ.૮૦ હજારના સોનાનો દોરો તફડાવી નાસી છુંટવા મામલે તેઓએ ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.